નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯

નવી બાબત સુપોષણ સંવાદ - નવી બાબતને વહીવટી
મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૮૧/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬-૦૪-૨૦૧૮

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૬/૨/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ પોષણ-૨/આઇસીડીએસ/પોષણ પરામર્શની નવીબબત/૫૧૫૬/૨૦૧૭-૧૮

ઠરાવ:-

સંકલિત બાળ વિકાસ યોજનાનો મુખ્ય હેતુ માતા અને બાળકના પોષણ સ્તરમાં સુધાર લાવવો, માતાને આરોગ્ય પોષણ શિક્ષણ આપવું વિગેરે છે. ગુજરાતમાં આઇસીડીએસ યોજનાની શરૂઆત વર્ષ ૧૯૭૫ થી કરવામાં આવી ત્યારથી આઈસીડીએસ યોજના અંતર્ગત માતા અને બાળકોના પોષણ સ્તરમાં સુધારા માટે વિવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. સરકારશ્રીના વિવિધ પ્રયત્નો સાથે સમુદાયીક ભાગીદારી માતાઓ અને વાલીઓની પોતાપણાની ભાવના સાથે કાર્યક્રમમાં જોડાણ થવું જરૂરી છે. આથી લક્ષિત સુધારા સુધી પહોંચવા માટે માતાના વર્તનમાં સાચું પરિવર્તન (Behavior Change) લાવવું ખુબ જરૂરી છે.

ઠરાવ:

આહાર-પોષણ અને આરોગ્યની સારી ટેવોનો નિયમિત અમલ સમુદાય સ્તરે થાય તે માટે આંગણવાડી સ્તરે સમુદાયની બહેનો દ્વારા માસિક સુપોષણ સંવાદ દિવસ ઉજવણી કરવાનું આથી ઠરાવવામાં આવે છે. સુપોષણ સંવાદ દિવસે સગર્ભા અને ધાત્રી માતાઓએ એકબીજાના અનુભવો અને પડતી મુશ્કેલીઓને સમજી અને તેનો સમુદાય સ્તરે વૈજ્ઞાનિક ઢબે સાચો અને સરળ ઉકેલ મેળવી તેનો અમલ કરશે. આમ કરવાથી સમુદાય સ્તરે સાચી પધ્ધતિઓનો નિયમિત અમલ થશે અને કુપોષણનો દર ઘટશે.

પોષણ સંવાદ દિવસ દર મહિનાના ત્રીજા ગૂરૂવારે ઉજવવાનો રહેશે જેમાં મધર સપોર્ટ ગૃપ સાથે જૂથ ચર્ચા કરવામાં આવશે સંવાદનો સમયગાળો ૧ થી ૧:૩૦ કલાક જેટલો રહેશે.

સગર્ભા, ધાત્રી માતાઓ માટે પ્રતિ માસ આરોગ્ય પોષણ શિક્ષણ આપવા માટે સુપોષણ સંવાદ દિવસની નવી બાબત તરીકે વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ.૧૩,૫૪,૫૨,૦૦૦/- (તેર કરોડ ચોપ્પન લાખ બાવન હજાર પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

નાણાકીય જોગવાઇ :

- સુપોષણ સંવાદ દિવસની ઉજવણી માટે જિલ્લાઓએ એડવાન્સમાં ૩ માસિક ગ્રાન્ટની ફાળવણી ઘટક કક્ષાએ કરવાની રહેશે.
- ઘટક કક્ષાએથી સુપોષણ સંવાદ દિવસની ઉજવણી માટે પરચુરણ ખર્ચ માટે આંગણવાડી દીઠ પ્રતિ માસ રૂ.૫૦/- લેખે ૩ માસની ગ્રાન્ટ આંગણવાડી કેન્દ્રના ખાતામાં એડવાન્સમાં નાખવાની રહેશે.
- ઘટક કક્ષાએ ફેસીલીટેટર માતાની એક દિવસીય તાલીમ, સેજા કક્ષાએ તાલીમ કમ મીટીંગ તથા સુપોષણ સંવાદની ઉજવણી (આંગણવાડી કક્ષાએ) કરવાની રહેશે.
- ઘટક કક્ષાએથી ફેસીલીટેટર માતાને દર માસે આપવાની થતી પ્રોત્સાહક રકમ રૂ.૧૦૦/- આંગણવાડી કેન્દ્રના ખાતામાં નાખવાની રહેશે.
- ફીસીલીટેટર માતાને વર્ષમાં ૩ વાર તાલીમ આપવાની રહેશે. જેમાં પ્રથમ તાલીમ ઘટક કક્ષાએ સીડીપીઓ દ્વારા અને અન્ય બે તાલીમ કમ મીટીંગ સેજા કક્ષાએ દર ૪ મહિનાના અંતરે મુખ્યસેવિકા દ્વારા આપવાની રહેશે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૧) જ્યારે અને જરૂર જણાયે તથા શક્ય બને ત્યારે ભારત સરકારનું ફંડ મેળવવાનું નિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. ૧૦૬

મુખ્ય સદર – ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર-૦૨-પોષણ અને ખાદ્ય અને પીણાની વહેચણી

ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર -૦૨ NTR-૨ સંકલિત બાળ વિકાસ યોજના

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩/3/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર

2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. વિભાગના સર્વે શાખાઓ
11. સિલેક્ટ ફાઇલ